# ગાંધીનગર સમાચાર

**તા. ૫-૨-૨૦૧૨, મંગળવાર**


## તંત્રી સ્થાનેથી.....

### ‘ધીરી બાપુડિયાં’: ખમૈયા કરો તે તમારા લાભમાં

ભાજપના વરાયેલા રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહની સ્થિતિ તોફાની બારકસ જેવાં નિશાળીયાંના માસ્તર જેવી કફોડી થવા પામી છે. હોદ્દો ધારણ કરતી વખતે એમના ચહેરા પર જે ઉલ્લાસ વરતાતો હતો તે વિષાદ અને વ્યગ્રતામાં ફેરવાઈ ગયો છે. એના મૂળમાં છે એકધારી વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે વહેલી તકે નરેન્દ્ર મોદીના નામની જાહેરાત થાય એવી સીધી રજૂઆત. શરૂઆત રામ જેઠમલાણીએ કરી હતી, હવે એ રેલો મેનકા ગાંધી અને શત્રુઘ્ન સિન્હા સુધી પહોંચ્યો છે. નવનિયુક્ત રાષ્ટ્રીય અધ્યક્ષે શરૂ શરૂમાં પક્ષના વડેરાઓને સામે ચાલીને મળવાનો કર્મકાંડ નિભાવ્યો. નાગપુર પણ જઈ આવ્યા અને ગડકરીની મુસીબતવેળાએ આખી પાર્ટી ખડેપગે એમની પડખે ઊભી રહેશે, એવી ખાતરી આપી આવ્યા. પરંતુ ઘર આંગણે નરેન્દ્ર મોદીની મુલાકાત પછી એમની માઠી દશા બેઠી છે. રોજના હિસાબે પાર્ટીના એક-બે વરિષ્ઠ અગ્રણીઓએ મોદી-પ્રશસ્તિ શરૂ કરી, જે અટકવાનું નામ લેતી નથી. પક્ષનું સુકાન સંભાળતી વેળાએ રાજનાથના પોતાના મનમાં પણ ગલગલિયાં થતાં હશે કે નસીબની દેવીએ પ્રમુખપદનો અણધાર્યો કળશ ઢોળ્યો છે એમ કદાચ વડાપ્રધાન પદ માટેનાં એનડીએના સર્વસંમત ઉમેદવાર તરીકે પણ પોતાનું નામ ફાઈનલ થઈ શકે. હકીકતમાં હિંદી ભાષી પ્રદેશનાં નેતા તરીકે એમની આવી કોઈ છૂપી મહત્ત્વાકાંક્ષા હોય તો એ ગેરવાજબી પણ ન જ ગણાય, સુષમા સ્વરાજ, અડવાણી અને અરૂણ જેટલી ઉપરાંત વડાપ્રધાનપદની રેસમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણનું નામ પણ ઉમેરાયું છે. જો કે એ તમામની સરખામણીમાં ગુજરાતમાં વિજયની હેટ્રીક લગાવનારા નરેન્દ્ર મોદીનો ઘોડો આગળ છે. વિવિધ સર્વેક્ષણોમાં અને છેક અમેરિકાના ‘ટાઈમ’ મેગેઝિનમાં નરેન્દ્ર મોદી છવાઈ ગયા હોઈ ભાજપના બીજી હરોળના નેતાઓ, વિશ્વ હિંદુ પરિષદના અશોક સિંઘલ જૂથના આગેવાનો અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના મોવડીઓ નરેન્દ્ર મોદીના નામનું રટણ કરતા થઈ ગયા છે. રાજનાથ સિંહે શરૂ શરૂમાં થોડા વિનમ્ર સૂરમાં જે સૂચના આપી હતી તે નાછૂટકે મીડિયા સમક્ષ હાજર થઈ કડક શબ્દોમાં રિપીટ કરવી પડી છે. એમણે ખોંખારીને કહ્યું છે કે ‘હું ભાજપના કાર્યકરો અને નેતાઓને વિનમ્ર અપીલ કરવા માગું છું કે વડાપ્રધાન પદના સંભવિત ઉમેદવારના મુદ્દે તેઓ હવે પછી કોઈ નિવેદન ન કરે. મુખ્યમંત્રીપદ કે વડાપ્રધાનના ઉમેદવાર નક્કી કરવાની સત્તા પાર્ટીનાં સંસદીય બોર્ડ પાસે હોય છે. સમય આવ્યે આ મુદ્દે પાર્લામેન્ટરી બોર્ડ જ નિર્ણય કરશે.’ રાજનાથની આવી છેલ્લી અને આખરી ચેતવણી પછી પણ ભાજપના મોદીપ્રેમી નેતાઓનો ઉમળકો શમ્યો નથી. મેનકા ગાંધી, શત્રુઘ્ન સિન્હા અને વિનય કટિયારે પ્રમુખના આદેશનો છડેચોક ભંગ કરી મોદી ચાલીસાનો પોપટ પાઠ ચાલુ રાખ્યો છે. એથી ભાજપના હાઈકમાંડને ‘એનડીએ’માં ભંગાણ પડવાની દહેશત પણ જાગી છે. પરંતુ એવી પરિસ્થિતિ સરજાતી હોય તો ભલે સરજાય એવું વલણ ખુદ બિહારનાં પ્રદેશ અધ્યક્ષ ડૉ. સી.પી. ઠાકુરે અપનાવ્યું છે. બીજી તરફ રાજનાથ ઉપરાંત એનડીએના સંયોજક અને ઘટક પક્ષ જનતા દળ (યુ) ના વડા શરદ યાદવ પણ આ મુદ્દે ખમૈયા કરવાનું જાહેર નિવેદન કરી ચૂક્યા છે. જો નરેન્દ્ર મોદીના નામની જ માળા જપવામાં આવશે તો સાથી પક્ષો ભાજપ સાથે જોડાણ કરતાં સત્તર વાર વિચાર કરશે, તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. પરંતુ આજકાલ દરમિયાન કુંભ મેળામાં યોજાઈ રહેલ અખિલ ભારતીય સંત સંમેલન દ્વારા પણ નરેન્દ્ર મોદીને જ હિંદુ હૃદય સમ્રાટ તરીકે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરાય તેવી સંભાવના છે.



## સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ખેલોત્સવનો વિધિવત્ પ્રારંભ



ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૮માં આવેલી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં શાળાના આચાર્ય ડૉ. જે.એચ. પ્રજાપતિના શુભ હસ્તે ઈન્ટર ક્લાસ ટેનિસ ક્રિકેટ સ્પર્ધા અને ખેલકૂદ સ્પર્ધાનો આજે વિધિવત્ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કોલેજમાં એક સપ્તાહ સુધી ચાલનાર ખેલોત્સવમાં ૧૦૦મી દોડ, ૨૦૦મી. દોડ, ૪૦૦ મી. દોડ, લાંબીકૂદ, ઊંચીકૂદ, ગોળાફેંક, ક્રિકેટ વોલીબોલ, હેન્ડબોલ ઉપરાંત બહેનો માટે લીંબુ ચમચી, કોથળા દોડ, સોંયદોરો, ફૂટબોલ, ક્રિકેટ જેવી રમતો કોલેજના પી.ટી.આઈ. પ્રા. મહેન્દ્ર મોડિયા તથા સુરેન્દ્રસિંહ વાઘેલા દ્વારા યોજાશે.

ખેલાડીઓ કોલેજ રમતોત્સવમાં ઉત્સાહપૂર્વક જોડાયા છે અને વિવિધ રમતોમાં પોતાનું કૌશલ્ય પ્રગટ કરી, ‘સ્પોર્ટસમેન સ્પીરીટ’ રાખી વિજેતા ક્રમ હાંસલ કરશે એમ આચાર્ય ડૉ. જે.એસ. પ્રજાપતિએ અખબારી યાદીમાં જણાવ્યું છે.



ગઈકાલે આપણે પલળ્યા તેના પરથી આજે આપણે લગ્નમાં છત્રી લઈને આવ્યા છીએ તો અહીં તો લોકો તાપણાથી તાપવા બેઠા છે..!!

## ધો. ૯ની પ્રખરતા શોધ કસોટીના બેઠક નંબરો શાળાઓને મોકલાવાયા

ગાંધીગનર, તા.૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના સચિવ એમ.આઈ. જોશીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ધોરણ -૯ની પ્રખરના શોધ કસોટીના બેઠક નંબરોઅનેપ્રવેશિકા શાળાઓને મોકલવામાં આવી છે. જેઓને બેઠક નંબર મળ્યા ન હોય તેઓએ બોર્ડની કચેરીમાં સંપર્ક કરવો.

ધોરણ-૯ની પ્રખરતા શોધ કસોટી તા. ૧૧થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન લેવાશે. પ્રખરતા શોધ કસોટીના બેઠક નંબરો અને પ્રવેશિતા આ કસોટીમાં ભાગ લીધેલ તમામ શાળાઓને મોકલી આપવામાં આવ્યા છે. આ કસોટીમાં ભાગ લીધો હોય અને બેઠક નંબરો ન મળ્યા હોય તેઓએ બોર્ડની કચેરીમાં તાત્કાલિક સંપર્ક કરવો. આ અંગેની વધુ વિગતો ફોન નં. ૦૭૯- ૨૩૨ ૫૨૧૧૦ ઉપર સંપર્ક કરવાથી મળી શકશે.





## સાબર કોલેજ ઓફ એન્જીનીયરીંગમાં યુનિ.ની હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ

### વિજેતા ટીમ ૧૧મીએ જોધપુર રમવા જશે

સાબર કોલેજ ઓફ એન્જીનીયરીંગ તાજપુર ખાતે તાજેતરમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. ભાઈઓ અને બહેનોની હેન્ડબોલ સ્પર્ધામાં વિજેતા ટીમ ૧૧મી ફેબ્રુઆરીએ જોધપુર ખાતે વેસ્ટઝોન હેન્ડબોલ સ્પર્ધામાં ભાગ લેવા જશે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની હેન્ડબોલની ભાઈઓ અને બહેનોની સ્પર્ધામાં યુનિવર્સિટીની ઘણી કોલેજોની ટીમોએ ભાગ લીધો હતો. ભાઈઓની ટીમમાં સાકળચંદ કાળીદાસ પટેલ એન્જીનીયરીંગ વિદ્યાલયના ભાઈઓ વિજેતા થયા હતા. રનર્સઅપ એલ.સી.આઈ.ટી. ભાન્ડુ કોલેજના વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા. બહેનોમાં શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજની બહેનો વિજેતા બની હતી. સાબર કોલેજ ઓફ એન્જીનીયરીંગની બહેનો રનર્સ અપ રહી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન સાબર કોલેજના ડી.પી.ઈ. મુકેશ ચૌધરીએ સંભાળ્યું હતું.

હેન્ડબોલ સ્પર્ધામાં પસંદગી પામેલા ખેલાડીઓ આગામી તા. ૧૧મી ફેબ્રુઆરી-૨૦૧૩થી શરૂ થતી વેસ્ટઝોન હેન્ડબોલ સ્પર્ધામાં જયનારાયણ વ્યાસ યુનિવર્સિટી જોધપુર ખાતે ભાગ લેવા જશે. વિજેતાઓને સંસ્થાના ટ્રસ્ટી મનિષભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, રમેશભાઈ પટેલ તથા પ્રવેશ ભાદવીયાએ શુભાશિષ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના ડાયરેક્ટર, પ્રવેશ ભાદવીયાના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

## રાંધેજાની ઈંગ્લીશ સ્કૂલનાં ‘અજય સાધુ’ રાજય બાળપ્રતિભા શોધમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૫

રાજય બાળ પ્રતિભા શોધ સ્પર્ધા બેરૂમાડમાં યોજાઈ હતી. જેમાં ઈંગ્લીશ સ્કૂલ રાંધેજાનાં વિદ્યાર્થી સાધુ અજયભાઈ પ્રથમ આવ્યા છે. લોકવાદ્ય અને લોકગીતમાં નંબર મેળવ્યો છે. માર્ગદર્શન શ્રીમતી જયોત્સનાબેન ચૌધરી, છાયાબેન પટેલ તથા બલેવિયાબેન અનિલભાઈ નાયકે આપેલ હતું, આચાર્ય એચ.જી. પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજાના ગૃહ વિજ્ઞાન વિભાગ દ્વારા રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૫

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજાના ગૃહ વિજ્ઞાન વિભાગ દ્વારા તા. ૮ અને ૯મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે.

યુ.જી.સી. આયોજીત બે દિવસનો આ રાષ્ટ્રીય પરિસંવાદ ‘કુટુંબ અને સમુદાય વિજ્ઞાનના સમ્પોષિત પ્રવાહોની શોધમાં ગાંધી વિચારોની પ્રાસંગિકતા’ વિશે યોજાશે.

આ પરિસંવાદની અંદર જીવનજરૂરી કુશળતાઓનો વિકાસ કરી, સમાજોપયોગી ઉત્પાદકીય માનવશક્તિ તૈયાર કરી સમાજનાં છેવાડાના વ્યક્તિના અસ્તિત્વ પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવી જેથી સર્વેનું અસ્તિત્વ ટકી શકે તે અંગેની સઘન ચર્ચાઓ થશે. સમ્પોષિત વિકાસનો મુખ્ય હેતુ સંયમિત ઉપભોગ જીવનશૈલી તથા સામાજિક-ન્યાય અને સમાનતા જેવા મૂલ્યોને દૃઢ કરી માનવીય જીવનધોરણની ગુણવત્તા સુધારવાનું છે, જેથી માનવમૂડી અને પર્યાવરણ ઉપર આડઅસર કર્યા વગર પ્રકૃતિ સાથે સહ અસ્તિત્વના જતનથી માનવનો સર્વાંગી વિકાસ કરી શકાય.

આ પરિસંવાદની અંદર ભારતનાં વિવિધ રાજ્યો જેવા કે, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, દિલ્હી, પંજાબ, આંધ્રપ્રદેશ અને ગુજરાત રાજ્યનાં ૧૨ થી ૧૫ જિલ્લાનાં કુલ ૧૦૦ જેટલા પ્રતિનિધિઓ ગાંધીવિચાર, ગૃહવિજ્ઞાન, માનવ વિકાસ, આહાર પોષણ, વિસ્તરણ શિક્ષણ, વસ્ત્રવિદ્યા, સ્વાવલંબન, માનવ અધિકાર, સામાજિક વિજ્ઞાન, મહિલા સશક્તિકરણ, ઉદ્યોગ સાહસિકતા, સાહિત્ય, વ્યવસ્થાપન, ગ્રામ અર્થશાસ્ત્ર અને ગ્રામ વિકાસ જેવા વિષય ઉપર પોતાના શોધપત્ર સાથે ભાગ લેવા આવી રહ્યા છે.

આ સંપૂર્ણ શોધપત્રની પસંદગી ગૂજરાત વિદ્યાપીઠનાં કુલનાયક ડૉ. સુદર્શનભાઈ આયંગર દ્વારા કરવામાં આવી છે. જયારે ગૂજરાત વિદ્યાપીઠનાં કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના સંપૂર્ણ માર્ગદર્શન દ્વારા યુ.જી.સી. આયોજીત આ સેમિનારને મંજૂરી આપવામાં આવી છે.

આ સંપૂર્ણ શોધપત્રની પસંદગી ગૂજરાત વિદ્યાપીઠનાં કુલનાયક ડૉ. સુદર્શનભાઈ આયંગર દ્વારા કરવામાં આવી છે. જયારે ગૂજરાત વિદ્યાપીઠનાં કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના સંપૂર્ણ માર્ગદર્શન દ્વારા યુ.જી.સી. આયોજીત આ સેમિનારને મંજૂરી આપવામાં આવી છે.

પરિસંવાદની સંપૂર્ણ જવાબદારી વ્યવસ્થાપન સમિતિનાં સભ્યો ડૉ. રાજીવભાઈ પટેલ (સંયોજક), ઉષાબેન પટેલ, જયશ્રીબેન મહેતા તથા પારૂલબેન શ્રીમાળી તેમજ સૌ સાથી સેવક મિત્રોનાં સહયોગથી કાર્યભાર સંભાળશે.

# શિક્ષકોને પરીક્ષાઓ માટે ઉપયોગી પ્રશ્નોત્તર

### સામાન્ય જ્ઞાન કસોટી-૩

(૧) યુનેસ્કોના આંતરરાષ્ટ્રીય શિક્ષણ આયોગે સને ૧૯૯૬માં કેળવણી માટે કેટલા મુદ્દા જાહેર કર્યા હતા?
(ક) દસ (ખ) બાર
(ગ) નવ (ઘ) એકવીસ

(૨) ‘નિરક્ષરતા એ તો સમાજ અને દેશનું કલંક છે’ આ વિધાન કોનું છે?
(ક) સરદાર વ. પટેલ
(ખ) સ્વામી વિવેકાનંદ
(ગ) ડૉ.આંબેડકર
(ઘ) મહાત્મા ગાંધીજી

(૩) ભારતમાં સૌથી વધુ સાક્ષર રાજય કયું ગણાય છે?
(ક) ગુજરાત (ખ) મહારાષ્ટ્ર
(ગ) મધ્યપ્રદેશ (ઘ) કર્ણાટક

(૪) નિરંતર શિક્ષણની સંકલ્પનાનો ઉદ્ભવ કયાંતી થયો હતો?
(ક) ઈંગ્લેન્ડ (ખ) અમેરિકા
(ગ) જાપાન (ઘ) ભારત

(૫) પેટ્રિકે આદર્શવાદની તુલના કોની સાથે કરી છે?
(ક) ભૌતિકવાદ (ખ) સમાજવાદ
(ગ) સામ્યવાદ (ઘ) મન અને આદર્શો

(૬) ‘વિકાસોન્મુખ આત્માની અંતર્ગત શક્તિઓ દ્વારા પૂર્ણતાની પ્રાપ્તિ એટલે કેળવણી’ - આ વિધાન કોનું છે?
(ક) શ્રી રવીન્દ્રનાથ ટાગોર
(ખ) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
(ગ) શ્રી અરવિંદ
(ઘ) સ્વામી વિવેકાનંદ

(૭) દૂરવર્તી શિક્ષણ ખુલ્લું શિક્ષણ ઑપન સ્કૂલ અને ઑપન વિદ્યાપીઠો કેવા શિક્ષણનાં ઉદાહરણો છે?
(ક) ઔપચારિક
(ખ) બિનપરંપરાગત
(ગ) ટેકનોલોજીકલ એજ્યુકેશન
(ઘ) ચિલ્ડ્રન એજ્યુકેશન

(૮) આદર્શવાદને શિક્ષણમાં લાવનાર કયા તત્ત્વચિંતક નથી?
(ક) પ્લેટો (ખ) પેસ્ટોલોજી
(ગ) એરિસ્ટોટલ (ઘ) ફ્રોબેલ

(૯) પાયજેટના મતે બાળક જન્મથી આશરે ૨ વર્ષ સુધી કઈ રીતે સૌથી વધુ સારૂં શીખે છે?
(ક) શબ્દોને સમજીને (ખ) ઈન્દ્રિયોનો ઉપયોગ કરીને
(ગ) અમૂર્ત રીતે વિચારીને (ઘ) ઘરમાં એકબીજાને સાંભલીને

(૧૦) તમે તમારા વર્ગમાં તમારા બાળકોના શિક્ષણના સ્તરને સુધારવા જે સંશોધન કરવા ઈચ્છો છો તેમાં પ્રથમ પગલું કયું ગણશો?
(ક) ઉત્કલ્પના બાંધવી
(ખ) સંબંધિત માહિતીનો સંચય
(ગ) ઉત્કલ્પનાના ખરાપણની ચકાસણી
(ઘ) સામાજિક સેવાઓના ક્ષેત્રે

(૧૧) શિક્ષણની પ્રક્રિયા દરમિયાન નીચેની બાબતોમાં કઈ સિધ્ધ થતી નથી?
(ક) આનુવંશિતા (ખ) જ્ઞાન
(ગ) અનુભવ (ઘ) અભ્યાસ

(૧૨) મુખ્યત્વે ‘સ્તરીય વિકાસનો સિધ્ધાંત’ તરીકે ઓળખાતો જ્ઞાનાત્મક વિકાસનો સિધ્ધાંત કોણે આપ્યો?
(ક) ફ્રોઈડે (ખ) ગોલમેન
(ગ) પ્લેટોએ (ઘ) પાયજેટે

(૧૩) નીચેનામાંથી કયો સિધ્ધાંત હાવર્ડ ગાર્ડનરે પ્રસ્થાપિત કર્યો હતો?
(ક) બહુ બુધ્ધિમત્તાનો
(ખ) અભિપ્રેરણાનો નિયંત્રણ
(ગ) સંરચનાવાદનો
(ઘ) મગજ આધારિત ભણતરનો

(૧૪) બેન્જામીન બ્લૂમના મતે, કઈ ક્રિયા મનોશારીરિક ક્ષેત્ર અંતર્ગત આવશે?
(ક) વિજ્ઞાનની આકૃતિ સચોટપણે દોરવી
(ખ) બુલંદ અવાજે કવિતા ગાવી
(ગ) વર્ગમાં ગૃપચર્ચામાં સક્રિય ભાગ લેવો
(ઘ) શબ્દના કોયડા ઉકેલવા

(૧૫) બ્લૂમ વર્ગીકરણ કેળવણીના હેતુઓનું કેટલાં ક્ષેત્રમાં વિભાજન કરે છે?
(ક) ત્રણ (ખ) ચાર
(ગ) પાંચ (ઘ) સાત

(૧૬) ડુંગળીની કિંમત ટામેટાં કરતાં વધુ છે. ટામેટાંની કિંમત મરચાં કરતાં ઓછી છે. મરચાંની કિંમત ગાજર અને ડુંગળી કરતાં વધુ છે. આમાંથી શું સૌથી મોંઘું ગણાય?
(ક) ટામેટાં (ખ) ગાજર
(ગ) ડુંગળી (ઘ) મરચાં

(૧૭) દૂરના વિસ્તારોમાં શિક્ષકોની તંગીની સમસ્યાને ઉકેલવામાં કઈ બાબત મદદ કરી શકે?
(ક) ઈ-કલાસ રૂમ્સ તથા ગામડામાં એક વર્ષ શિક્ષકોને ફરિજિયાત કામ કરવાનો કાયદો
(ખ) વધારે શાળાઓની સ્થાપના
(ગ) અદ્યતન ભૌતિક સુવિધાઓ અને સગવડો
(ઘ) ટ્રાન્સપોર્ટ સેવા

(૧૮) વર્ગમાં બધા વિદ્યાર્થીઓ ધ્યાન આપે તે માટે શિક્ષકે શું કરવું જોઈએ?
(ક) કડક શિસ્તનો આગ્રહ (ખ) શારીરિક શિક્ષા
(ગ) વિષયવસ્તુ પર સંપૂર્ણ પ્રભુત્વ (ઘ) વધુ ગૃહકાર્ય

(૧૯) આદર્શવાદ અનુસાર આત્માની અનુભૂતિ એટલે શું?
(ક) ભૌતિક સુવિધાઓ
(ખ) આત્માની સર્વોચ્ચ શક્તિઓનું વાસ્તવિક રૂપ
(ગ) શ્રધ્ધા અને સમાનતા
(ઘ) પુસ્તકિયા જ્ઞાનનો વિરોધ

(૨૦) પ્રકૃતિવાદનું સમર્થન કરતું પુસ્તક ‘એમિલ’ના લેખક કોણ છે?
(ક) ગાંધીજી (ખ) રૂસો
(ગ) જ્હોન ડ્યૂઈ (ઘ) મોન્ટેસરી

(૨૧) આદર્શવાદ બાળકને કોના વડે પરિચિત થવાનું કહે છે?
(ક) સંસ્કૃતિ (ખ) સમાજ
(ગ) પ્રકૃતિ (ઘ) આનંદ

(૨૨) પ્રકૃતિવાદની મોટામાં મોટી મર્યાદા કઈ છે?
(ક) શિક્ષણનો ઉચ્ચ ધ્યેયો
(ખ) ભણતરનો ભાર
(ગ) પુસ્તકિયા જ્ઞાનનો વિરોધ
(ઘ) અભ્યાસક્રમની કઠિન રચના

(૨૩) નીચેના પૈકી કઈ બાબત વ્યવહારની મર્યાદા સૂચવે છે?
(ક) શાશ્વત મૂલ્યોની અવગણના
(ખ) લોકશાહીના મૂલ્યોનું જતન
(ગ) કેળવણીના ઉપયોગિતા મૂલ્ય પર ભાર
(ઘ) ભણતરનો ભાર

(૨૪) વ્યવહારવાદની એક મોટી ભેટ પ્રકલ્પ () પધ્ધતિના પ્રણેતા કોણ છે?
(ક) રોસ (ખ) રોજન
(ગ) ડૉ. કિલપેટ્રીક (ઘ) એરિસ્ટોટલ

(૨૫) અવલોકન પધ્ધતિનું મહત્ત્વ કોણે સમજાવ્યું છે?
(ક) સી.ટી.મોર્ગન (ખ) નોર્મન મને
(ગ) વોટ્સને (ઘ) સ્કીનરે

**ઉત્તરો :**

(૧) ગ (૨) ઘ (૩) ઘ (૪) ખ (૫) ક (૬) ગ (૭) ખ (૮) ગ (૯) ખ (૧૦) ઘ (૧૧) ક (૧૨) ખ (૧૩) ક (૧૪) ક (૧૫) ખ (૧૬) ઘ (૧૭) ક (૧૮) ગ (૧૯) ખ (૨૦) ખ (૨૧) ક (૨૨) ગ (૨૩) ક (૨૪) ગ (૨૫) ખ

(ક્રમશઃ)

- રૂપલ એચ. શાહ, (એમ.એ.બી.એડ્)
શિક્ષિકા : સર્વ વિદ્યાલય કેમ્પસ, સે-૨૩, ગાંધીનગર